નગરમાં ફળફળાદિના ભાવોમાં કૃત્રિમ ઉછાળો

ગણ્યા ગાંઠ્યા વેચાણકર્તાઓની સાંઠગાંઠમાં લોકો બાનમાં, તહેવારોને ધ્યાને લઈ થતો વેપલો

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા. ૨૧

પાટનગરમાં ફળફળાદિના ઊંચા ભાવ જાણી નગરજનો આંચકો અનુભવે છે. છતાં પણ જરૂરિયાતને ધ્યાને રાખી ખરીદીમાં કાપ મુકીને પણ ફળફળાદિ ખરીદવા મજબૂર બની રહ્યા છે. સમગ્ર નગરમાં ગણ્યા ગાંઠ્યા છુટાછવાયા વેચાણકર્તાઓ એકબીજા સાથે સાંઠગાંઠ કરી ચોક્કસ ભાવ નક્કી કરી લેતા હોય છે અને તેજ ભાવે નગરમાં તમામ સ્થળોએ ફળફળાદિ વેચાતી હોય છે.

સફરજન - ૧૬૦ રૂ. કિલો
નારંગી - ૧૦૦ રૂ. કિલો
કેરી - ૫૦ રૂ. કિલો
દાડમ - ૧૦૦ રૂ. કિલો
કેળા - ૪૦ રૂ. ડઝન
નાળીયેર - ૨૦ રૂ. એક નંગ
ચીકુ, ખારેક તથા અન્ય ભાવ પણ ઊંચા છે.

વધુમાં તહેવારોને કારણે ફળફળાદિની માંગ વધતા આ વેચાણકર્તાઓ સંજોગોનો લાભ ઉઠાવી ભાવોમાં વધારો કરી દઈ જંગી નફો રળી લેવાની ખેવના ધરાવે છે. જેથી ફળફળાદિના ભાવો નિયંત્રણમાં રહે તેવું આયોજન થાય તેવી માંગ નગરજનોમાં ઉઠવા પામી છે.

ફળો એ આરોગ્યપ્રદ આહાર છે જેથી તબીબો પણ માંદગી સમયે ફળ આરોગવાનો આગ્રહ રાખતા હોય છે. વધુમાં ધાર્મિક તહેવારોમાં ઉપવાસી લોકો પણ ફળાહાર કરતા

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં ઈમ્પેકટ ફીની યોજના અભેરાઈએ

કોર્પોરેશને હાથ ઉંચા કરતા કામગીરી પડી ભાંગી : આગામી ૩૧મી ઓગષ્ટે મુદત પુરી થાય છે. અરજદારોની ફોર્મ ફીના પૈસા પણ પાણીમાં જાય તેવી સ્થિતિ પાટનગરમાં જ : દિવા તળે અંધારુ

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં ઈમ્પેકટ ફીના કાયદાના અમલની યોજના અભેરાઈએ ચઢાવી દેવામાં આવી હોવાની સ્થિતિ સર્જાઈ છે. ગુડા દ્વારા ઈમ્પેકટ ફી ની જવાબદારી કોર્પોરેશનને સોંપવામાં આવ્યા બાદ સ્ટાફના અભાવે મહાનગરપાલિકાએ પણ આ મામલે હાથ ઉંચા કરી લીધા છે. શહેરમાં બિનઅધિકૃત બાંધકામોને રેગ્યુલર કરવા ઈમ્પેકટ ફી ની ફોર્મ ફી ના ઉઘરાણાં બાદ અરજદારોને કોણ ન્યાય આપશે તેની સામે પ્રશ્નાર્થ મંડરાયો છે.

શહેરમાં ગેરકાયદેસર બાંધકામોને ઈમ્પેકટ ફી વસુલી રેગ્યુલર કરવાનો કાયદો અમલી બનાવાયા બાદ સમગ્ર રાજયમાં પાટનગરમાં જ દિવા તળે અંધારુ સર્જાયુ છે. ઈમ્પેકટ ફી ના કાયદાની અમલવારી માટે અગાઉ ગુડાને જવાબદારી સોંપવામાં આવી હતી. આ તબક્કે બિનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવા જનજાગૃતિ કેળવાય તેવા આશયથી સેકટરોમાં ગુડા દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું જયારે શહેરમાં સંખ્યાબંધ ગેરકાયદેસર બાંધકામોને ધ્યાને લઈ નાગરિકોને આ યોજનાનો લાભ લેવા જણાંવાયુ હતું. જેની સામે નગરજનોએ પણ ઈમ્પેકટ ફી ના કાયદાની અમલવારી તેમજ બાંધકામને નિયમિત કરવા ફોર્મ ફી ભરીને અરજી સુપ્રત કરી હતી. ગુડા દ્વારા ઈમ્પેકટ ફી ના મામલે મંદ કાર્યવાહી હાથ ધરાયા બાદ થોડા સમય અગાઉ શહેરમાં ઈમ્પેકટ ફી વસુલવાની યોજના સંદર્ભની જવાબદારી કોર્પોરેશનને સોંપવામાં આવી હતી. જેના લીધે ગુડા દ્વારા આ અંગેનો જરૂરી રેકર્ડ પણ કોર્પોરેશનને સુપ્રત કરી દેવાયો હતો. પરંતુ કોર્પોરેશન પાસે સ્ટાફ ન હોવાના લીધે આ કામગીરી થઈ શકે તેમ ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે ઈમ્પેકટ ફી ની મુદત આગામી તા ૩૧ ઓગષ્ટ સુધીની હોવાથી આ મામલે આગળની કાર્યવાહી અટવાતા શહેરમાં ઈમ્પેકટ ફી ના કાયદાના અમલના નામે મીંડુ ચિતરાયુ છે. અરજદારોએ લાખો રૂપિયાની ફોર્મ ફી ચુકવી દીધી છે. ત્યારે આખી યોજના અધ્ધરતાલ છે. શહેર વસાહત મહામંડળ દ્વારા આ મામલે મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે.

ઓગષ્ટમાં ૨૫થી વધુ સ્થાનોએ મહિલા આરોગ્ય કેમ્પો યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લામાં ઓગષ્ટના પ્રથમ સપ્તાહ દરમિયાન ૨૫થી વધુ સ્થાનો પર મહિલા આરોગ્ય કેમ્પોનું આયોજન કરવામાં આવશે.

આજે ડિસ્ટ્રીકટ હેલ્થ મિશનની મળેલ વાર્ષિક સભામાં પંચાયત પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલે આપેતા સંકેતો પછી તંત્ર દ્વારા આ અંગેના આયોજનમાં વ્યસ્તતા વધી જવા પામી છે.

ડાયાબીટીસ, બી.પી. તેમજ કેન્સરના રોગોનું નિદાન આ આરોગ્ય કેમ્પોમાં કરવામાં આવનાર છે. આજે મળેલ હેલ્થ મિશનમાં જિલ્લાની આરોગ્ય સેવાઓને વધુ ગુણવત્તાસભર તેમજ સઘન બનાવવા પર વિશેષ ભાર પંચાયત પ્રમુખ શ્રીમતી પટેલે મુકયો હતો.

આજની આ બેઠકમાં જિલ્લામાં કુપોષીત બાળકો શોધવાની કામગીરી જે ઝડપથી પૂર્ણ કરવામાં આવી છે તેની નોંધ લઈ તંત્રની કામગીરીને બિરદાવવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લાના તબીબોને ચોમાસાની ઋતુમાં વધુ સતર્ક રહી પરિસ્થિતિ પર નજર રાખવા જણાવી અને પાણીના કલોરીનેશનની નિયમિત તપાસનો આગ્રહ કરવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

વૃક્ષની વિદાય - નગરના હાર્દસમા સેક્ટર-૨૨માં સતકર્મ ટ્રસ્ટ સામે વયોવૃદ્ધ વૃક્ષ ધરાશયી થતાં વનવિભાગના કર્મચારીઓએ ભારે જહેમતપૂર્વક હટાવ્યું હતું. વૃક્ષની વિદાય પણ વસમી હોય છે... જીવનભર તડકો વેઠી છાંયો આપતું વૃક્ષ માનવજાતને પ્રેમનો સંદેશ આપે છે... આવા પરોપકારી વૃક્ષની વિદાય આસપાસના વસાહતીઓ માટે વસમી બનતી હોય છે... અહીં પ્રકૃતિ સાથે અનુસંધાન કરવાની સંવેદનશીલતા કોઈકમાં જન્મે છે અને ક્યાંક જ ઉગે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

શહેરમાં સુકા વૃક્ષો ભયજનક બન્યા છે

વરસાદી દિવસોમાં રાહદારીઓ માથે જળુંબતો ખતરો : શહેરમાં વૃક્ષોનુ ટ્રીમીંગ પણ થતુ નથી. સર્વે હાથ ધરવાની અનિવાર્યતા

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી વૃક્ષોનુ ટ્રીમીંગ થતુ નથી. વરસાદ માથે છે ત્યારે નમી પડેલા વૃક્ષો અને ડાળીઓ ગમે ત્યારે આમ નાગરિકો માટે ભયજનક પુરવાર થાય તેવી દહેશત છે. જયારે નગરમાં સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. ઘ-૫ થી સરકીટ હાઉસ તરફના માર્ગ પર સુકાયેલા ૨૫ જેટલા વૃક્ષો ગમે ત્યારે વરસાદી સંજોગોમાં જમીનદોસ્ત થાય તેવી દહેશત છે. આમછતા વન વિભાગ દ્વારા રજુઆતોના અંતે પણ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગના અભાવે નાગરીકો માટે અનેક સમસ્યાઓ ઉભી થઈ છે.નગરના વોક વે પર સવારે મોર્નિંગ વોકમાં જતા નાગરીકોને પણ નમી પડેલી વૃક્ષોની ડાળીઓ નડતરરૂપ બને છે. સેકટરોના આંતરિક માર્ગો પર પણ વૃક્ષોનુ લાંબા સમયથી ટ્રીમીંગ ન થતા લાઈટોના થાંભલા માટે પણ આડશ ઉભી થઈ છે. જયારે શહેરના મુખ્યમાર્ગો પર લાખોના ખર્ચે ઉભા કરાયેલા દિશાસુચક બોર્ડ પણ વૃક્ષોની નમી પડેલી ડાળીઓથી ઘેરાઈ ગયા છે. જેના પરિણામે આ સાઈન બોર્ડનો કોઈ હેતુ સરતો નથી. વરસાદ માથે છે. ત્યારે શહેરમાં વન વિભાગ સર્દતર નિષ્ક્રિય હોવાથી આમ નાગરીકોની સલામતીને અનુલક્ષી પ્રશ્નાર્થ સર્જાયો છે. શહેરમાં સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે વરસાદી દિવસોમાં ગમે ત્યારે આ વૃક્ષો ભયજનક પુરવાર થાય તેવી દહેશત પ્રબળ બની છે. ઘ-૫ થી સરકીટ હાઉસના માર્ગ પર આ

● અનુસંધાન પાન-૭ પર

અમદાવાદ-મુંબઈ વચ્ચેની અનેક એક્સપ્રેસ ટ્રેનો રદ કરાઈ

મુંબઈ, તા. ૨૧

મુંબઈમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે અમદવાદ આવતી એક ડઝનથી પણ વધુ ટ્રેનોને માઠી અસર થઈ છે. વેસ્ટર્ન રેલવે દ્વારા પાણી ભરાઈ જવાના કારણે ઘણી ટ્રેનોને રદ કરી દીધી છે. કેટલીક એક્સપ્રેસ ટ્રેનો રદ કરવામાં આવી ચુકી છે. સેન્ટ્રલ રેલવેની લોકલ ટ્રેન સેવાને પણ ટુંકાગાળા માટે રોકી દેવામાં આવી હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ રેલવે ટ્રેક પર પાણી ફરી વળવાના કારણએ સાવચેતીના પગલારુપે ટ્રેનો રદ કરવામાં આવી છે. અમદાવાદ તરફ આવતી ટ્રેનોને અસર થતા લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. ઘણી ટ્રેનો રદ પણ કરી દેવામાં આવી છે જે ટ્રેનોને રદ કરવામાં આવી છે તેમાં અમદાવાદ એક્સપ્રેસ, બાંદ્રા-સુરત ઈન્ટરસીટી એક્સપ્રેસ, મુંબઈ-સેન્ટ્રલ અમદાવાદ શતાબ્દી એક્સપ્રે, મુંબઈ સેન્ટ્રલ-પોરબંદર એક્સપ્રેસ અને બાંદ્રા ટર્મિનસનો સમાવેશ થાય છે. સાવચેતીના પગલારુપે આ ટ્રેનો રદ કરવામાં આવી હતી. બીજી બાજુ મુંબઈમાં પાણી ભરાઈ જવાના કારણે બેસ્ટની બસને પણ રુટ બદલવાની ફરજ પડી હતી. બાંદ્રામાં ભારે વરસાદના લીધે કાર્ટર રોડ ઉપર પાર્કિંગ વિસ્તારમાં દિવાલ ધરાશાયી થઈ હતી. અંધેરી સ્ટેશન ઉપર પણ લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બાંદ્રા સ્ટેશન પર ટ્રેનોને રોકવામાં આવી હતી. ઘણી જગ્યાએ વૃક્ષો ધરાશાયી થતાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

KIPA
રાસ-ગરબા ક્લાસ
પારંપારિક તથા આધુનિક શૈલીથી થતાં રાસ-ગરબાની તાલીમ મેળવી, આગામી નવરાત્રી માટે સજ્જ થવા સંપર્ક કરો
ખુશ્બૂ કુલદીપ શુક્લ મો.7405117117
પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.
ક્લાસીસ ૧ ઓગષ્ટ થી શરૂ
વહેલા તે પહેલા ના ધોરણે મર્યાદિત સ્ટુડન્ટસ લેવામાં આવશે.

ગાંધીનગર સ્થિત પંજાબ હ્યુન્ડાઈ ખાતે હ્યુન્ડાઈ કંપનીની નવી કાર 'ક્રેટા'નું લોન્ચીંગ કાર્યક્રમ યોજાઈ હતી. અદ્યતન ફીચર્સ અને ટેકનોલોજી ધરાવતી આ કારના લોન્ચિંગ પ્રસંગે શહેરના આગેવાનોની ઉપસ્થિતિમાં કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

આધાર કાર્ડના મશીનમાં સિનિયર સિટિઝન્સની ફીંગર પ્રિન્ટ જ આવતી નથી

નગરના સિનિયર સિટિઝન્સ તેમજ વિકલાંગ વ્યકિતઓ માટે આધાર કાર્ડ મેળવવાનું મુશ્કેલ જવાબદાર એજન્સી સાથે સંકલન કરી સમસ્યા નિવારવા માંગ

ગાંધીનગર તા ૨૧

આધાર કાર્ડ મેળવવા માંગતા સિનિયર સિટિઝન્સની ફિંગર પ્રિન્ટ આવતી નથી. જેના પરિણામે નગરના ઘણાં સિનિયર સિટિઝન્સ આધાર કાર્ડ મેળવી શકયા નથી. જયારે વિકલાંગ વ્યકિતઓ માટે પણ આધાર કાર્ડ કઢાવવાનું માથુ ખંજવાળા સમાન બની ગયુ છે.આ મામલે કાયમી નિકાલ આવે તે મુજબનુ આયોજન કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.આધાર કાર્ડની કામગીરીમાં ઉપયોગમાં લેવાતા મશીન સામે પણ પ્રશ્ન ઉઠવા પામ્યો છે.

ભારતના નાગરિક તરિકેનુ વિશેષ ઓળખપત્ર તરીકે આધાર કાર્ડની ગણના થાય છે. પરંતુ આધાર કાર્ડની કામગીરીમાં છાશવારે અવનવા છબરડા સામે આવે છે. જેના પરિણામે સિનિયર સિટિઝન્સ સહિત વિકલાંગ વ્યકિતઓ માટે આધાર કાર્ડ મેળવવાનુ મુશ્કેલ બન્યુ છે. આધાર કાર્ડ માટે જતા સિનિયર સિટિઝન્સની ફીંગર પ્રિન્ટ મશીનમાં આવતી ન હોવાથી તેમને આધાર કાર્ડ મળતુ નથી.પાસપોર્ટમાં આ પ્રકારની તકલીફ થતી નથી જયારે જરૂરી આધાર કાર્ડમાં આ સમસ્યા નિવારવા કોઈ પગલા લેવાતા નથી. નગરના અગ્રણી અરુણ બુચે આ અંગે કલેકટર તેમજ મ્યુ કમિશ્નરને પણ રજુઆત કરી છે. ત્યારે જવાબદાર એજન્સી સાથે પરામર્શ કરીને આ સમસ્યાનો નિકાલ લાવવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. શારિરક વિકલાંગતા ધરાવતા વ્યકિતઓ પણ આધાર કાર્ડ મેળવી શકતા નથી. શહેરમાં વિકલાંગ વ્યકિતઓ તેમજ સિનિયર સિટિઝન્સની સંખ્યા વિશેષ છે.ત્યારે આ મામલે કાયમી નિરાકરણ આવે તે અનિવાર્ય હોવાનુ પણ જણાંવાઈ રહયુ છે.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ટેક્નિકલ આસિસ્ટન્ટ માટે રૂબરૂ મુલાકાત
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪
જાહેરાત ક્રમાંક : ૦૬-૨૦૧૫-૧૬
ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત માર્ઠકો-બાયોલોજી વિભાગ, સાદરા ખાતે નીચે મુજબની જગ્યા હંગામી કરાર આધારિત નિયત વેતનમાં નિમણૂંક કરવાની છે. ટેક્નિકલ આસિસ્ટન્ટ-૨ (બે) વધુ વિગત ગુજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org પર દર્શાવેલ સમય અને તારીખે ઉપસ્થિત રહેવું.
તા. ૨૧-૭-૧૫ કુલસચિવ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
મમી 93 761 80003 93 288 9 3535 89 80 10 1515

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com